# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE : 22.02.2026** **MORNING: 7.45 TO 7.55**
**DAY : SUNDAY** **NATIONAL NEWS**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

**************************************************

**1)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગ્યે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે.

**2)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મેરઠ મેટ્રો અને નમો ભારત ટ્રેનને લીલી ઝંડી આપશે.

**3)** પ્રયાગરાજ પોક્સો કોર્ટે સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી સામે આરોપોની તપાસ માટે FIR નોંધવાનો આદેશ આપ્યો.

**4)** રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સુપ્રીમ કોર્ટમાં હાર બાદ વૈશ્વિક ટેરિફ વધારીને 15 ટકા કર્યો.

**5)** T-20 વિશ્વ કપમાં આજે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે અમદાવાદમાં મુકાબલો.

.............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી  આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત ' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ   **131**મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક  , આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર , દૂરદર્શન સમાચાર , પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત  આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

---

# PM-MEERUT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મેરઠના શતાબ્દી નગર નમો ભારત સ્ટેશન પર મેરઠ મેટ્રો અને નમો ભારત ટ્રેનને લીલી ઝંડી આપશે. તેઓ મેરઠ સાઉથ સ્ટેશન સુધી મેટ્રોમાં સવારી  પણ કરશે.

ત્યારબાદ, શ્રી મોદી મેરઠમાં લગભગ **12,930** કરોડ રૂપિયાના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને રાષ્ટ્રને સમર્પિત કરશે. તેઓ આ પ્રસંગે સભાને પણ સંબોધિત કરશે.

પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો એક અહેવાલ

**[V/C - ANUPAM]**

---

# PRESIDENT MURMU-PREZ BRAZIL

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવનમાં બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વાના સન્માનમાં ભોજન સમારંભનું આયોજન કર્યું હતું . રાષ્ટ્રપતિએ **AI** ઇમ્પેક્ટ સમિટમાં તેમની ભાગીદારી અને મૂલ્યવાન યોગદાન બદલ તેમનો આભાર માન્યો.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે , રાષ્ટ્રપતિ લુલાના નેતૃત્વમાં ભારત અને બ્રાઝિલ વધુ નજીક આવશે.રાષ્ટ્રપતિ મુર્મુએ આનંદ વ્યક્ત કર્યો કે , ભારત-બ્રાઝિલ વ્યૂહાત્મક ભાગીદારી વેપાર અને રોકાણ , સંરક્ષણ, તેલ અને ગેસ , બાયોફ્યુઅલ, કૃષિ અને પશુપાલન , આરોગ્યસંભાળ અને પરંપરાગત દવા , અવકાશ, વિજ્ઞાન અને ટેકનોલોજી, ડિજિટલ સહયોગ અને સાયબર સુરક્ષા સહિત ઘણા ક્ષેત્રોમાં સતત પ્રગતિ કરી રહી છે.

---

# VP - TAMIL NADU VISIT

ઉપરાષ્ટ્રપતિ સી .પી. રાધાકૃષ્ણન આજે તમિલનાડુની મુલાકાત લેશે. આ મુલાકાત દરમિયાન, ઉપરાષ્ટ્રપતિ મદુરાઈના વંદીયુર ખાતે થિરુ વી ઓ ચિદમ્બરમ પિલ્લઈની પ્રતિમાના શિલાન્યાસ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ભાગ લેશે.

બાદમાં, શ્રી રાધાકૃષ્ણન શિવગંગામાં થિરુકોષ્ટિયુર સૌમ્ય નારાયણ પેરુમલ મંદિર અને રાણી વેલુ નાચિયાર મહેલની પણ મુલાકાત લેશે.

---

# AI SUMMIT - REACTIONS

નવી દિલ્હી ખાતે આયોજિત ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટનું સમાપન થયું છે. આ સમિટ એ AI-આધારિત ઉકેલો પ્રદર્શિત કરવા માટે એક સામાન્ય પ્લેટફોર્મ પૂરું પાડ્યું.

આ સમિટમાં 500થી વધુ AI નેતાઓ, 100થી વધુ સ્થાપકો , 150 શિક્ષણવિદો અને સંશોધકો અને લગભગ 400 C.E.O. હાજર રહ્યા હતા.

આકાશવાણી સમાચાર સાથે વાત કરતાં , ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયના પ્રદર્શક આકાશે જણાવ્યું કે , આ સમિટે શીખવાની અને નેટવર્કિંગની તકો પૂરી પાડી . તેમણે વધુમાં જણાવ્યું કે , ભારતમાં આગામી વર્ષોમાં ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજીમાં એઆઈના ઉપયોગ માટે અપાર સંભાવનાઓ રહેલી છે.

---

# INDO-BRAZIL TRADE

ભારત અને બ્રાઝિલે **2030** સુધીમાં તેમના દ્વિપક્ષીય વેપારને **20** અબજ ડોલરના અગાઉના લક્ષ્યાંકથી વધારીને **30** અબજ ડોલર કરવાનો મહત્વાકાંક્ષી લક્ષ્યાંક નક્કી કર્યો છે.

વિદેશ મંત્રાલયના સચિવ પી. કુમારને જણાવ્યું હતું કે , આ નિર્ણય બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વાની ભારત મુલાકાત દરમિયાન લેવામાં આવ્યો હતો.

પ્રવક્તાએ જણાવ્યું છે કે , બંને દેશો તેલ , ગેસ અને નવીનીકરણીય ઉર્જા , બ્રાઝિલના ઉપગ્રહ પ્રક્ષેપણ અને સંયુક્ત ઉપગ્રહ ઉત્પાદન , બાયોફ્યુઅલ અને ટકાઉ ઉડ્ડયન ઇંધણ, કૃષિ, પશુધન અને આરોગ્યસંભાળ તેમજ યોગ સહિત વિવિધ ક્ષેત્રોમાં સહયોગ વધારવા આતુર છે. આ પગલાથી ભારત-બ્રાઝિલ સંબંધો મજબૂત થશે અને આર્થિક વિકાસને વેગ મળશે તેવી અપેક્ષા છે.

---

# COURT - AVIMUKTESHWARANAND

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં આવેલી ખાસ પોક્સો કોર્ટે સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી સામે બાળ જાતીય શોષણના આરોપોની તપાસ માટે **FIR** નોંધવાનો આદેશ આપ્યો છે.

ગયા અઠવાડિયે, સ્પેશિયલ જજ વિનોદ કુમાર ચૌરસિયાની કોર્ટે પુરાવાઓની તપાસ અને બાળ પીડિતોના નિવેદનો નોંધ્યા પછી , ભારતીય દંડ સંહિતા ( BNS) ની કલમ 173(4) હેઠળ આશુતોષ બ્રહ્મચારી મહારાજ અને અન્ય લોકો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો.

---

## TRUMP-TARIFF

અમેરિકાની સર્વોચ અદાલતમાં મોટી હાર બાદ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વૈશ્વિક ટેરિફ 10 ટકાથી વધારીને 15 ટકા કર્યો છે.

6-3 બહુમતીથી, કોર્ટે ચુકાદો આપ્યો કે આંતરરાષ્ટ્રીય કટોકટી આર્થિક શક્તિ અધિનિયમ રાષ્ટ્રપતિને આયાત પર વ્યાપક અને સર્વવ્યાપી ટેરિફ લાદવાનો અધિકાર આપતો નથી. આ નિર્ણય અબજો ડોલરના રિફંડ દાવાઓ માટે માર્ગ મોકળો કરી શકે છે.

## બાઈટ - ચિરાગ

---

## CRICKET T-20 WC

T 20 વિશ્વ કપના સુપર - 8 તબક્કામાં આજે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે મુકાબલો થશે. આ મુકાબલો અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટડીયમ ખાતે સાંજે 7 વાગે શરૂ થશે.

ઉલ્લેખનીય છે કે ભા  રત અને દક્ષિણ આફ્રિકા બંને ગ્રુપ સ્ટેજમાં ચાર-ચાર મુકાબલા જીતી ચૂક્યા છે  આજે કોની વિજયકૂચ આગળ વધશે તે જોવું રસપ્રદ બનશે

દરમિયાન, ગઈકાલે કોલંબોમાં રમાયેલી સુપર   8 ની પહેલી મેચ વરસાદને કારણે રદ કરવામાં આવી હતી. આ મેચ ન્યુઝીલેન્ડ અને પાકિસ્તાન વચ્ચે રમાઈ હતી, જેમાં બંને ટીમોને એક-એક પોઈન્ટ મળ્યો હતો.

---

# IMD - WEATHER

ભારતીય હવામાન વિભાગ, IMDએ આવતીકાલ સુધી કેરળ , માહે, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ અને દક્ષિણ આંતરિક કર્ણાટકમાં વાવાઝોડા , વીજળી અને  પવન સાથે ભારે  વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર , આગામી 7 દિવસ દરમિયાન દેશના ઉત્તર-પશ્ચિમ ભાગોમાં મહત્તમ તાપમાનમાં  2થી 4 ડિગ્રી સેલ્સિયસનો વધારો થશે. જ્યારે મધ્ય ભારતમાં આગામી બે દિવસ માટે તાપમાનમાં 3થી 5 ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે.

IMDએ વધુમાં જણાવ્યું હતું કે   સ આજે બંગાળની ખાડી , મન્નારનો અખાત , કેરળના દરિયાકાંઠા અને લક્ષદ્વીપ વિસ્તારમાં તોફાની હવામાન રહેવાની શક્યતા છે.

---

# PAKISTAN - SECP

પાકિસ્તાનના ટોચના કોર્પોરેટ નિયમનકાર , સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન ઓફ પાકિસ્તાન - SECP એ 125 વિદેશી કંપનીઓની યાદી બહાર પાડી છે જેમણે 20 જાન્યુઆરી સુધીમાં દેશમાં કામગીરી બંધ કરી દીધી છે.

SECP અનુસાર, આમાં કરાચી, લાહોર, ઇસ્લામાબાદ અને પેશાવર જેવા મુખ્ય શહેરોમાં સ્થિત આંતરરાષ્ટ્રીય કંપનીઓની શાખાઓ અને સંપર્ક કચેરીઓનો સમાવેશ થાય છે જેમણે ઔપચારિક રીતે કામગીરી બંધ કરી દીધી છે.

આ યાદીમાં યુએસ , યુકે, યુએઈ, ચીન, મલેશિયા, સિંગાપોર, જાપાન, તુર્કી, ઓસ્ટ્રેલિયા, સ્વીડન, બહેરીન, કેનેડા, ફ્રાન્સ અને નેધરલેન્ડ્સની કંપનીઓનો સમાવેશ થાય છે.

---

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે, મિતલ પટેલ

- આજે મોટાભાગના અખબારોએ , અમેરિકના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ પર પલટવાર
- AI IMPACT સમિટ અને ભારત દક્ષિણ આફ્રિકા વચ્ચે આજે યોજાનાર મેચના સમાચાર પ્રથમ પાને છાપ્યા છે.
- દિવ્ય ભાસ્કર લખે છે , ટ્રમ્પ પલટ્યા: ભારત સહિત બધા દેશો પર 15 ટકા ટેરિફ લગાવ્યો.
- ગુજરાત સમાચાર લખે છે . સમગ્ર વિશ્વ પર 15 ટકાનો ટેરિફ ! ટ્રમ્પની તાનાશાહી
- નવગુજરાત સમય લખે છે ,ભારતની AI IMPACT સમિટ સફળ ઘોષણપત્રને 88 દેશો ,સંગઠનોની મહોર
- દિવ્ય ભાસ્કર લખે છે , ભારતનો સુપર સનડે ,અમદાવાદમા આજે દક્ષિણ આફ્રિકા સામે ટક્કર આ ઉપરાંત સ્થાનિક સમાચારોમાં , સ્થાનિક સમાચારોમાં અમદાવાદનાં જુહાપુરામાં ડમ્પર ચાલકે સર્જેલા અકસ્માત, ઓનલાઇન આવકનો દાખલો મેળવી શકાશે , એ સમાચારો વાંચવા મળે છે